ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૬૭ ટકા

# શહેરમાં આગામી ૯મીએ જનાદેશ મહાસંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ગાંધીનગર જિલ્લાનું જનાદેશ આંદોલન ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યું હતું. આ જનાદેશ આંદોલનમાં ક્ષત્રિય સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા કહ્યું હતું કે, 'તમારા બે મહિના મને આપી દો, હું તમારી બે પેઢીનું ભાવિ સુરક્ષિત કરીશ.' જો આપણે ૨૦૧૭ની ચુંટણી ચુકયા તો ભવ ચુકીશું તેવું કહેતા તેમણે આગામી તા. ૯મી ઓકટોબરે ગાંધીનગરમાં ૫ લાખ લોકોનું વિશાળ સંમેલન યોજાશે તેમાં તેઓ રાજનીતિમાં ભાજપ અથવા કોંગ્રેસની પસંદગી જાહેર કરશે તેવી જાહેરાત કરી હતી.






જનાદેશ સંમેલનમાં અલ્પેશ ઠાકોરે પોતાને ૩૦૦ જ્ઞાતિઓનો ટેકો હોવાનો દાવો કરતા હુંકાર કર્યો હતો કે 'આપણે જે તરફ જઈશું તેની સરકાર બનશે માટે ડુંગળી, મરચું અને રોટલો ખાશું પરંતુ સરકાર તો આપણી જ બનાવીશું.' આ સાથે તેમણે ડૉ. આંબેડકર, મહાત્મા ગાંધી અને સરદાર પટેલની વિચારધારા પર ચાલનારો પ્રમાણિક સરકારને તેઓ ટેકો આપશે તેવું કહ્યું હતું. અત્યાર સુધી ભોળી ઠાકોર પ્રજા છેતરાતી રહી છે પરંતુ હવે વધુ છેતરાવા નહીં દઉં કહેતા તેમણે દાવો કર્યો હતો કે ક્ષત્રિય ઠાકોર સેનાના આંદોલનને પગલે સરકારે કડક દારૂબંધી કાયદો બનાવવો પડયો છે અને મધ્યાહ્ન ભોજન તથા આશાવર્કસ સહિત ફિકસ પગારદારોના પગાર વધારવા પડયા છે તેમણે ક્ષત્રિય ઠાકોર સેનાના સભ્યોને તા. ૯મી એ ઢોલ નગારા અને પરિવારને સાથે લઈને આવવા આહ્‌વાન કર્યું છે.

## સિનિયર સ્વિમર મનિષા ત્રિપાઠીને ત્રણ ગોલ્ડ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સિનિયર સ્વિમર મનિષાબેન ત્રિપાઠીએ ફરી એકવાર ખેલ મહાકુંભમાં એકસાથે



ત્રણ ત્રણ ગોલ્ડ મેડલ જીતી શહેરને ગૌરવ અપાવ્યું છે. જિલ્લા કક્ષાની તરણ સ્પર્ધામાં મનિષાબેન ત્રિપાઠીએ ૬૦ વર્ષથી ઉપરની કેટેગરીમાં ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ અને ૫૦ મીટર બેક સ્ટ્રોકમાં પ્રથમ ક્રમાંક મેળવી શહેરના યુવા ખેલાડીઓ માટે એક પ્રેરક ઉદાહરણ પરું પાડયું છે.

## ચિલોડા પાસે ઈસનપુર મોટા ગામમાં રાત્રે હિંસક લુંટારૂ ત્રાટક્યો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક ચિલોડા પાસેઆવેલા ઈસનપુર મોટા ગામમાં ગત રાત્રી દરમ્યાન લુંટારૂ ત્રાટક્યો હતો. રાત્રે સુતેલી મહિલા-વૃધ્ધાને નિશાન બનાવી દાગીના લુંટવા આવેલો આ હિંસક લુંટારૂએ ગામમાં બે સ્થળે લુંટ ચલાવી હતી. ઓરડામાં સુતેલી એક મહિલાને ટાર્ગેટ બનાવી તેણીએ કાનમાં પહેરેલા સોનાની વાળીઓ સહિતનાં દાગીના લુંટવા માટે મહિલાનો આખો કાન કાપી લીધો અને દાગીના ભરેલો કાન લઈને લુંટારૂ રફફુચક્કર થઈ જતા ગામમાં ભયનો માહોલ ફેલાઈ જવા પામ્યો છે. આ લુંટ કર્યા પહેલા આ જ ગામમાં એક વૃધ્ધાનાં પગમાંથી ચાંદીના કડલા લુંટ્યા હોવાનું ધ્યાને આવ્યુ છે. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ઈસનપુર મોટા ગામમાં ઘુસેલા એક લુંટારૂ શખ્સે રબારી વાસમાં જઈ એક વૃધ્ધાને નિશાન બનાવી હતી. રાત્રે ઘોર નિંદ્રામાં સુતેલા વૃધ્ધા પાસે જઈ તેમના પગમાં પહેરેલા ૨૫૦ ગ્રામ વજનનાં કડલા નિકાળીને આ શખ્સ સરકી ગયો હતો. ત્યાર બાદ આ જ ગામનાં દાવડીયા પરામાં આ લુંટારૂ ઘુસ્યો હતો. એક મકાનની ઓરડીમાં દિકરી સાથે ખાટલામાં સુતેલી ચંદ્રીકાબેન રમેશભાઈ ઠાકોરને તેને ટાર્ગેટ બનાવી હતી. ચંદ્રીકાબેને કાનમાં સોનાની વાળીઓ, નખલો, ચિસ્કા પહેરેલા હતા. દાગીના લુંટવા આ લુંટારુ શખ્સ કોઈ તિક્ષ્ણ હથિયાર લઈને રાત્રે ત્રણ વાગ્યાનાં અરસામાં ચંદ્રીકાબેન પાસે પહોંચ્યો..! કાન કાપવા હથિયાર નજીક લઈ ગયો ત્યાંજ ચંદ્રીકાબેનને કાનમાં ખંજવાણ આવતા હાથ પોતાના કાન પાસે લઈ ગયા તો લુંટારૂનો હાથ અથડાઈ ગયો હતો. ચંદ્રીકાબેન કાંઈ સમજે કે કોઈ પ્રતિક્રીયા આપે તે પહેલા તો આખેઆખો કાન કાપી લઈને દાગીના ભરેલા કાન સાથે લુંટારૂ ભાગ્યો હતો. બુમાબુમ થતા ટોળુ ભેગુ થઈ ગયુ પણ ત્યા સુધીમાં કાન સાથે લુંટારૂ ખેતરો ખુંદીને ફરાર થઈ ગયો હતો. ચંદ્રીકાબેનને હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા છે અને સર્જરી કરીને કાન પાછો લગાવવા તબિબે કપાયેલો કાન માંગતા ખેતરોમાં કપાયેલો કાન શોધવા પરિવારજનો નિકળ્યા હતા પરંતુ કાન મળી આવ્યો ન હતો. કાનમાં સોનાની ચાર વાળીઓ, નખલો અને બે નંગ ચિસ્કા પહેરેલા હતા. રૂ.૨૪ હજારનાં દાગીના સાથેનો કાન કાપીને લુંટ ચલાવી લુંટારૂ ભાગી જવામાં સફળ રહ્યો હતો. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી એફ.એસ.એલ બોલાવી ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

## ખેલ મહાકુંભમાં સે.૧૯ જીમખાનાના બાળકોનો સ્વીંમીગમાં ઉત્કૃષ્ટ દેખાવ



ગાંધીનગર, તા.૧૫

ખેલ મહાકુંભ અંતર્ગત ગાંધીનગર શહેરના સેકટર-૨૧ જીમખાના સ્થિત સ્વીમીંગ પુલ ખાતે ગત તા.૧૦ સપ્ટેમ્બરને રવિવારના રોજ સવારે ૭ થી ૧૨ કલાક દરમિયાન સ્વીમીંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિવિધ કેટેગરીમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સેકટર૧૯ જીમખાનામાં સ્વીમીંગ કરતા બાળકોએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

ગાંધીનગર શહેરમાં સેકટર-૨૧ જીમખાનાના સ્વીમીંગ પુલ ખાતે તા.૧૦ સપ્ટેમબરના રોજ અન્ડર-૧૧ અને અંડર-૧૪ના બાળકો વચ્ચે ૫૦મી, ૧૦૦મી, ફ્રી સ્ટાઈલ, બેક સ્ટ્રોક, બ્રેથ સ્ટોક, બટર ફલાય જેવી વિવિધ સ્પર્ધા યોજાઈ હતી.જેમાં મોટીસંખ્યામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં સેકટર૧૯ જીમખાના ખાતે સ્વીંમીગ કરતા ૧૭ થી વધુ બાળકોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું. બાળકોને સુંદર માર્ગદર્શન પુરુ પાડવા બદલ કોચ ભગવાન મિલન યાદવનો સૌ કોઈએ આભાર વ્યકત કર્યો હતો.જયારે કોચ ભગવાન યાદવે પણ ખેલ મહાકુંભમાં સ્વીમીંગ સ્પર્ધામાં ભાગ લઈ સ્વીમીંગમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. સર્વે બાળકો તેમજ વાલીઓએ કોચ તેમજ જીમખાના સેકટર-૧૯ નો આભાર વ્યકત કર્યો હતો.

## વાતવાતમાં

●વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી તા. ૧૭મી સપ્ટેમ્બરે તેમનો જન્મદિવસ હોવાથી ગાંધીનગર પધારી રહ્યા છે. જેથી સુરક્ષા બંદોબસ્ત સઘન બનાવાયો છે. સવારે હીરાબાના આશીર્વાદ લઈ પછી ડભોઈ તથા કેવડિયા કોલોની ખાતેજવા રવાના થશે.

●સમી સાંજે સરકારી કાર્યાલયો છુટવાના સમયે જ ભયંકર ગાજવીજ સાથે વરસાદી રમઝટ જામતા સચિવાલયના કર્મચારીઓ અટવાઈ પડયા હતા. અમદાવાદથી અપડાઉન કરતા કર્મચારીઓને વરસાદમાં પલળતાં પલળતાં બસ પકડવી પડી હતી.

● શહેરના ચ માર્ગ પર ડિવાઈડર પર જંગલી વનસ્પતિ સાથે ખુબ ઘાસ ઉગી નીકળ્યું છે અને તેનું ટ્રીમીંગ થયું ન હોવાથી તેમાં ચરવા ગયેલી ગાય-ભેંસો દેખાતી નથી અને જયારે ઓચિંતી બહાર નીકળે છે ત્યારે વાહનચાલકો માટે અકસ્માતનો ભય સર્જે છે.

## આઈ લવ માય ગાંધીનગર



**નરેન્દ્રભાઈ એલ મંડિર**

**ગાંધીનગર ગમે**

આંતરરાષ્ટ્રીય પ્રવાસન ધામ અક્ષરધામ, મહાત્મા ગાંધી મંદિર, બગીચા, સ્કૂલ્સ, કૉલેજીસ, વ્યવસ્થિત પહોળા રસ્તા, રાજ્યનું પાટનગર હોવાના કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

દેશના સર્વધર્મ, જુદી-જુદી ભાષા, રીતરિવાજો હોવા છતાં એક થઈને રહેતાં નગરજનો અહીં વસવાટ કરે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, અક્ષરધામ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

દરેક જાગૃત નાગરિકે સ્વચ્છતા, વ્યસનમુક્તિ, વૃક્ષારોપણ, નિઃસ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગી રહેવું જોઈએ. શહેરના માર્ગો પર ટ્રાફિક નિયમોનું પાલન કરવું જોઈએ, શિક્ષણ ક્ષેત્રે એકબીજાને માર્ગદર્શન આપવું જોઈએ.

**નગર માટે હું કરી શકું**

સામાજિક સેવાભાવી સંસ્થાઓ સાથે નિઃસ્વાર્થભાવે સેવાકીય કાર્યો કરવા હું પ્રયત્નશીલ છું અને રહીશ.

## આજે શહેરમાં વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી ગાંધીનગર અને કલાઈમેટ ચેન્જ વિભાગ તેમજ ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે વિશ્વ ઓઝોન દિનની ઉજવણીનું આયોજન તા.૧૬ સપ્ટેમ્બરને શનિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે ઓડીટોરીયમ હોલ, એલડીઆરપી કોલેજ સેકટર૧૫ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટક તરીકે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન આશિષભાઈ દવે, અને મુખ્ય મહેમાન તરીકે ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીના ચેરમેન ઈશ્વરભાઈ.એમ. ભાવસાર તેમજ અતિથિ વિશેષ તરીકે જે.ટી.અખાણી (આઈ.એ.એસ. નિયામકશ્રી જેડા), ભરત પાઠક (ડાયરેકટર, આઈઆરડી અમદાવાદ), નરેશ ઠાકર (પૂર્વ પીઆરઓ જીપીસીબી), ડો. અનિલ પટેલ મેનેજીંગ ટ્રસ્ટી નિસર્ગ સાયન્સ સેન્ટર તેમજ ડો.ગાર્ગી રાજપરા પ્રિન્સીપાલ એલડીઆરપી કોલેજ ઉપસ્થિત રહેશે.

## સે-૨૩માં જ-૨ કક્ષાના આવાસમાં ઉભરાતી ગટરોથી રહીશો ત્રાહીમામ



ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ સેકટરોમાં ગટરો ઉભરાવવાના કિસ્સા સામે આવી રહ્યા છે. એક તરફ વરસાદી માહોલ જામ્યો છે ત્યારે ગટર ઉભરાતા ગટરના ગંદા પાણીના ખાબોચીયા ભરાઈ જતા નાગરીકોને ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે ત્યારે શહેરના સેકટર-૨૩ જ-૨ કક્ષાના આવાસ પાસે છેલ્લા ઘણા દિવસોથી ગટર ઉભરાય છે. ગટરોના ગંદુ પાણી સમગ્ર કોમન પ્લોટમાં ફરી વળતા નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. આ અંગે વસાહતીઓએ તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી છતા કોઈ નિવેડો આવ્યો નથી. જયારે કોમન ચોકમાં ગટરના પાણી ભરાઈ રહેતા નવરાત્રીની તૈયારીઓમાં પણ અવઢવ ઉભી થવા પામી છે. સ્થાનિક નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. દુર્ગંધથી નાગરીકોને રહેવું પણ મુશ્કેલ બની જવા પામ્યું છે. જયારે મચ્છરોના ત્રાસથી સ્થાનિક નાગરીકો રાત્રીના સમયે શાંતિથી સુઈ પણ શકતા નથી. અત્યારે હાલ ચોમાસાની સિઝન ચાલી રહી છે. શહેરમાં વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે. શહેરમાં ઠેર ઠેર તાવ, મેલેરીયા, ટાઈફોઈડ, ઝાડા-ઉલ્ટી, માથુ દુખવુ, શરીર તુટવું, કમળાના દર્દીઓ સિવિલમાં નોંધાઈ રહ્યા છે. ત્યારે ઉભરાતી ગટરો નાગરીકો માટે માથાના દુખાવા સમાન બની જાય છે. ત્યારે સે-૨૩ ના સ્થાનિક નાગરીકોએ અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરી છે છતા પણ કોઈ હજુ સુધી ગટર રીપેર કરવા આવ્યું નથી તેવું સ્થાનિક નાગરીકોનું કહેવું છે. ત્યાંથી પસાર થતા સમયે પણ મોં પર રૂમાલ રાખવો પડે તેવી સ્થિતિ ઉદભવી છે. નવરાત્રી જયાં થાય છે ત્યાં જ ગટરના ગંદા પાણી ફરી વળતા નવરાત્રીના આયોજન અંગે સ્થાનિક રહીશો ચિંતામાં મુકાયા છે ત્યારે સત્વરે ગટરના દુષિત પાણી બંધ થાય તેમ સ્થાનિક રહીશો ઈચ્છી રહ્યા છે.

## સંત સરોવર નજીક બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૫

ઈન્દ્રોડા ગામ નજીક સંત સરોવરથી એકાદ કિલોમીટર દુર સાબરમતી નદી કિનારે પાણીમાં ડુબી જવાથી મરણ થયેલ ૨૬ થી ૨૭ વર્ષના



પુરુષનો બિનવારસી મૃતદેહ મળેલ છે. રંગે શ્યામવર્ણ, મજબુત બાંધો, ઉંચાઈ આશરે ૫ ફુટ ૩ ઈંચ છે. મોઢું ગોળ અને વાળ કાળા અને લાંબા તથા આંખો કાળી છે. જેના વાલીવારસ હજુ સુધી મળેલ નથી. તો મૃત્યુ પામનાર અજાણ્યા પુરુષની ઓળખ બાબતે ઈન્ફોસીટી પોલિસ સ્ટેશને જરૂરી તપાસ કરવા જણાવાયું છે.

## કોટેશ્વર ગામમાં અસામાજીક તત્વોનો એક પરિવાર પર હુમલો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક આવેલા કોટેશ્વર ગામમાં ગઈ કાલે રાત્રે બાર વાગ્યાનાં અરસામાં અસામાજીક તત્વોનાં ટોળાએ એક પરિવારનાં ચાર સભ્યો ઉપર હુમલો કર્યો હતો. રાત્રે આ તત્વો જુગાર રમી રહ્યા હતા અને ગાળો બોલી રહ્યા હતા એટલે સામે રહેતા પરિવારનાં સભ્યોએ ગાળો બોલવાની ના પાડતા બોલાચાલી થઈ હતી. પોલીસને આ ઘટનાની જાણ કરીને રાત્રે પરિવાર પરત આવ્યુ તો ધોકા લઈને ઉભેલા તત્વોએ હુમલો કરતા ચાર વ્યકિતઓ ઘાયલ થયા હતા. અડાલજ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

કોટેશ્વર ગામનાં રેખાબેન રાજુજી ઠાકોરે આ મારામારી પ્રકરણમાં અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવેલી વિગત અનુસાર ગઈ રાત્રે તેમના ઘરની સામે કેટલાક શખ્સો ખુલ્લામાં જુગાર રમી રહ્યા હતા અને ગાળાગાળી કરતા હતા. ઘરમાં મહિલાઓ રહેતી હોવાથી ગાળો બોલવાની ના પાડતા બોલાચાલી થઈ હતી. રેખાબેનના પરિવારનાં સભ્યો રાત્રે આ ફરિયાદ કરવા પોલીસ સ્ટેશન પહોંચ્યા એટલે ઉશ્કેરાઈ ગયેલા ટોળાએ તેમને મારવાનો પ્લાન



ઘડી કાઢ્યો હતો. જેવા તેઓ પોલીસ સ્ટેશનથી રાત્રે ૧૨ વાગ્યે ઘરે આવ્યા તો લાકડીઓ લઈને ઉભેલુ ટોળુ તેમની પર ત્રાટક્યુ હતુ. હુમલો કરતા ચાર વ્યક્તિઓ ઘાયલ થયા હતા જેમા રેખાબેનને ફ્રેક્ચર થઈ જતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંદાખલ કરવામાં આવ્યા છે. પોલીસે મેલા બાબુ ઠાકોર, જીતેન્દ્ર મારસિંગ ઠાકોર, રવિ જયંતી ઠાકોર અને અશોક બાબુ ઠાકોર સામે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

## ભાજપ દ્વારા સગર્ભા મહિલાઓ માટે કેમ્પ

ગાંધીનગર, તા.૧૫

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબના જન્મદિન નિમિત્તે મફત ગર્ભસ્થ સ્ત્રી તપાસ સારવાર કેમ્પ (કુપોષિત બાળકોનો જન્મ અટકાવવા માટે) ભારતીય જનતા પાર્ટી ડોકટર સેલ મહિલા મોરચો તથા નેશનલ મેડીકલ ઓર્ગેનાઈઝેશનના સંયુકત ઉપક્રમે કુપોષિત બાળકો ના જન્મે તે માટે ગર્ભસ્થ સ્ત્રીઓની તપાસ અને લેબોરેટરી તેમજ દવા વિતરણનો નિઃશુલ્ક કેમ્પ સે-૨૨ની ઉર્વિ હોસ્પિટલ પંચદેવ મંદિર સામે રવિવારે તા. ૧૭-૯-૨૦૧૭ના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન આયોજિત કરવામાં આવેલ છે.

## ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા ઓઝોન દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૫

પૃથ્વી પરની જીવસૃષ્ટિને સૂર્યનાં યુવી કિરણોથી રક્ષણ આપતા ઓઝોન લેયરને બચાવવા, તે અંગે ચિંતન કરી યોગ્ય પગલા લેવા 'ઈન્ટરનેશનલ ડે ફોર ધ પ્રિઝર્વેસન ઓફ ધ ઓઝોન લેયર ૨૦૧૭' અંગતર્ગત "કેરિંગ ફોર ઓલ લાઈફ અન્ડર ધ સન"ની થીમ પર કાર્યશાળાનું આયોજન ગુજરાત ઈકોલોજી કમિશન(જીઈસી) દ્વારા ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતુ. જીઈસી એ વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકારના નેજા હેઠળ કામ કરતી સંસ્થા છે. જે પર્યાવરણ અને પરિસરતંત્રના સંરક્ષણ, સંવર્ધન અને વિકાસ માટે સંશોધનો અને લોક જાગૃતિ માટેની કામગીરી કરે છે, ત્યારે ઓઝોન લેયર અંગે જનચેતના જાગૃત થાય તે માટે આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ કાર્યશાળાનું ઉદઘાટન કાર્યક્રમના મુખ્ય અતિથિ જી કે સિન્હા (આઈ.એફ.એસ, પીસીએફ-વાઈલ્ડ લાઈફ), ડૉ. અશોકકુમાર સકસેના, આઈ.એફ.એસ, સભ્ય સચિવ(જીઈસી), આર ડી કમ્બોજ, આઈ.એફ.એસ, નિયામક (ગીર ફાઉન્ડેશન), એસી સંપટ, જી.એફ.એસ, નિયામક(જીઈસી) તેમજ નિશ્ચલ જોષી, સિનિયર મેનેજર(પ્રોજેકટસ, જીઈસી) દ્વારા




કરવામાં આવ્યું. જેમાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, વિવિધ એનજીઓના પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ સહિત લગભગ ૧૫૦ કરતા વધુ નાગરિકોએ ભાગ લીધો. આ કાર્યશાળામાં જીઈસીના સભ્ય સચિવ તેમજ નિયામક દ્વારા ઓઝોન લેયર, તેના મહત્વ તેમજ માનવીય પ્રવૃત્તિઓને કારણે તેના પર થઈ રહેલી અસરના મુદ્દા પર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ સાથોસાથ "આપણો દરિયો આપણું જીવન" ડોક્યુ ડ્રામા ફિલ્મ અને ઓઝોન લેયર અંગેની ફિલ્મનું સ્ક્રીનિંગ પણ કરવામાં આવ્યું તેમજ પર્યાવરણ અનુરૂપ જીવનશૈલી અપનાવી ઓઝોન લેયરને થઈ રહેલા નુકસાનને કેવી રીતે નિયંત્રિત કરી શકાય તે માટે કાર્યશાળામાં હાજર લોકો સાથે ચર્ચા કરવામાં આવી. આ કાર્યશાળામાં સહભાગી થનારને પ્રશસ્તિપત્ર પણ એનાયત કરવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. તપસ્વી અરવિંદભાઈ પટેલ, ઉ.વ. ૩૫
- સ્વ. જયંતિલાલ સાકરચંદ મેવાડા, ઉ.વ. ૮૩
- સ્વ. પૂનાભાઈ જેઠાભાઈ પટેલ, ઉ.વ. ૬૭
- સ્વ. વિમળાબેન દશરથભાઈ પટેલ, ઉ.વ. ૬૭